**સી.એમ.એ.નં–૩૧/૨૦૨૪**

## <u>આંક ૧ લગત હુકમ</u>

**(૧)** અરજદાર તર્ફે વી.વ.શ્રી ને સાંભળ્યા, હાલની દીવાની પરચુરણ અરજ સી.પી.સી ઓર્ડર ૯ રૂલ–૪ મુજબ આપેલ છે તે લગતે અત્રે ની કોર્ટે સામાવાળાઓ ને નોટીસ કાઢવા નો હુકમ કરેલ છે સદર કામે નોટીસ કાઢવાની પ્રોસીજર કોર્ટ ના નીયમ મુજબ કરવામાં આવેલ છે, પરંતુ આજરોજ વાદીના વી.વ.શ્રી કલ્પેશ હેલઇઆ એ આજરોજ **<u>નામદાર ઓરીસ્સા હોઇકોર્ટ નુ જજમેન્ટ રજુ કરેલ છે.એ –આઇ–આર ૧૯૬૬,ઓરીસ્સા ૧૨૩૨, પ્રહલાદ પુસ્તી વી.શેખ આબ્દુલ રહેમાન તેમજ નામદાર અલહાબાદ હાઇકોર્ટ નુ જજમેન્ટ કસ્તુર ચંન્દ્ર અને ૩ બીજાઓ વી.અભીનંદન કુમાર સીંગલ નુ જજમેન્ટરજુ કરેલ છે</u>**, અને એવી દલીલો કરેલ છે કે, સી.પી.સી ના ઓર્ડર ૯ રુલ–૪ મુજબ દાવાને ફરી ફાઇલે લેવાના તબક્કે પ્રતીવાદી / સામાવાળા ને નોટીસ કાઢવીજરુરી નથી, અને કોર્ટ વાદી પક્ષની રજુઆત તેમજ અરજી ની હકીકતો ધ્યાનમાં લઇને અરજી મંજુર કરી શકે છે.

**(૨)** આ કામે રેકર્ડ જોતા વાદી તરફે રજુ કરેલા દસ્તાવેજો જોતા અત્રેની કોર્ટ વાદી ના દાવો વાદી પક્ષ ની કસુર ને કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરેલ છે, પરંતુ સદર દાવો ફરી દાખલ કરાવવાનો અધીકાર વાદીને હોઇ, હાલની અરજી કરેલ હોઇ દાવો પબ્લીક મની ની વસુલાત નો દાવો છે, બેન્ક વાદી છે, તેમજ દાવો દાખલ થાય અને દાવાના પ્રોસેસ પ્રતીવાદીને બજે તો પ્રતીવાદી ને કુદરની ન્યાયના સિદ્ધાંતો મુજબ જવાબ રજુ કરવાનો તેમજ વાદી ની ઉલટ તપાસ કરવા નો હક્ક કાયદા મુજબ મળતો હોઇ, વાદી તરફે આજ રોજ કરેલ દલીલો , તેમજ નામદાર ઉચ્ચ અદાલતો ના રજુ કરેલા બંન્ને જજમેન્ટ ના સિદ્ધાંતો સાથે હુ સમંત થાઉ છુ.

**(૩)** તેમજ ન્યાયનાહીત માં આજે કરેલ દલીલો સી.પી.સીના ઓર્ડર ૯ રુલ–૪ જોતા, તેમજ રજુ કરેલ ચુકાદા ઓ જોતા ન્યાયનાહીત માં નીચે મુજબ નો હુકમ કરુ છુ.

## //હુકમ//

વાદી ની હાલની અરજી મંજુર કરવામાં આવે છે, તેમજ હાલની અરજી માં જણાવેલ રેગ્યુલર સમરી દાવો તેના મુખ્ય નંબર મુજબ રજીસ્ટરે ફરી લેવો, વાદી પક્ષ ને આથી આદેશ આપવામાં આવે છે કે, સી.પી.સી.ની જોગવાઇઓનુ પાલન દાવાના કામે અવશ્ય પણે પાલન કરવા નુ રહેશે.

તારીખ.૧૫ – ૦૬ – ૨૦૨૬
સ્થળ.બોડેલી

(એસ.એન.ધાસુરા)
કોડ નં.જી.જે.૦૦૮૯૬
એડી. ચીફ જ્યુ.મેજી.બોડેલી.